# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૨૫.૧૦.૨૦૧૮**

**ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં વિજય લક્ષ્ય – ૨૦૧૯ યુવા મહાઅધિવેશન આગામી તા. ૨૬ થી ૨૮ ઑક્ટોબર દરમ્યાન હૈદરાબાદ ખાતે યોજાશે.**

-------------------

**ગુજરાત ભાજપ યુવા મોરચાના ૩૫૦૦થી વધારે કાર્યકર્તાઓ અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશનથી હૈદરાબાદ તેલંગાણા ખાતે મહાઅધિવેશમાં ભાગ લેવા વિશેષ ટ્રેનથી રવાના.**

-------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ લીલી ઝંડી આપી ટ્રેનનું પ્રસ્થાન કરાવ્યું.**

-------------------

પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં વિજય લક્ષ્ય–૨૦૧૯ યુવા મહાઅધિવેશન આગામી તા. ૨૬ થી ૨૮ ઑક્ટોબર દરમ્યાન હૈદરાબાદ ખાતે યોજાશે. જેમાં સમગ્ર દેશમાંથી લાખોની સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહેશે. આજરોજ અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશનથી વિશેષ ટ્રેન મારફતે યુવા મોરચા અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં ૩૫૦૦થી વધુ અપેક્ષિત યુવા મોરચાના કાર્યકર્તાઓ હૈદરાબાદ-તેલંગાણા ખાતે રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લેવા રવાના થયેલ છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ સાબરમતી રેલ્વે સ્ટેશન પર કાર્યકરોને સંબોધતતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના સુવર્ણકાળની શરૂઆત થઈ ચૂકી છે. ભારત તમામ ક્ષેત્રોમાં વિકાસની નવી ઉંચાઈ સર કરી રહ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપા દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી બની રહી છે ત્યારે ભાજપાના કાર્યકર તરીકે દેશહિતના કામમાં જોડાયેલા રહી આપણે સૌ કાર્યકર્તાઓ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ. વિજય લક્ષ્ય યુવા સંમેલન એ સમગ્ર દેશમાં ૨૦૧૯ લોકસભામાં ભાજપાના ભવ્ય વિજયનો વિજય ટંકાર બની રહેશે. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાએ પણ તેમના સંબોધનમાં ગુજરાતભરમાંથી મહાઅધિવેશનમાં ભાગ લેવા જઈ રહેલા સૌ યુવા કાર્યકર્તાઓને યુવા શક્તિ એ રાષ્ટ્ર શક્તિના મંત્ર સાથે વિદાય આપી હતી.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ સાબરમતી સ્ટેશનથી લીલી ઝંડી આપી ટ્રેનને રવાના કરી. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે. સી. પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૬ થી ૨૮ ઑક્ટોબરના રોજ ૨ દિવસીય રાષ્ટ્રીય યુવા મોરચાનું "અટલ યુવા મહાઅધિવેશન- વિજય લક્ષ્ય -૨૦૧૯ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતીમાં યોજાનાર છે. જેમાં અનેક વિવિધ કેન્દ્રીય તથા શિર્શસ્થ નેતાઓ દ્વારા ચર્ચાઓ તથા માર્ગદર્શન આપવામાં આવશે. દેશભરમાંથી આવનારા લાખો કાર્યકર્તાઓ સાથે ગુજરાત રાજય યુવા મોરચાના ૩૫૦૦ થી વધુ કાર્યકર્તાઓ ભાગ લઇ તેમના દ્વારા કરવામાં આવેલ કાર્યોની પ્રદર્શની પણ નિહાળશે.

(ડૉ. હર્ષદ પટેલ)
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**